Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# વડોદરાના રાજકારણમાં મહિલાઓની ભૂમિકા

**અતુલભાઈ કાનજીભાઈ ધ્રુવ**

સંશોધક અનુસ્નાતક રાજ્યનીતિશાસ્ત્ર વિભાગ, સી.યુ.શાહ યુનિવર્સિટી, વઢવાણ

**Abstract:**

આઝાદીના સાત દાયકા બાદ આજે જ્યારે લોકશાહીનો પાયો વધુ મજબૂત બન્યો છે, ત્યારે મહિલાઓએ પણ લોકશાહીને તંદુરસ્ત બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું છે. ખાસ કરીને રાજકારણના ક્ષેત્રે તેઓ સહભાગી બની છે. ગ્રામ પંચાયતના સભ્યથી માંડી સરપંચ, મ્યુનિસિપાલિટી તેમજ કોર્પોરેશનોમાં સભ્યથી માંડી મેયર સુધીની સત્તા પ્રાપ્ત કરી છે તેમજ સમાજસેવા પણ કરી છે. બંધારણે સ્ત્રી અને પુરુષને સમાન અધિકાર આપ્યા છે પરંતુ પુરુષ આધિપત્યવાળા સમાજમાં સ્ત્રીઓને આગળ આવવા ખૂબ ઝઝૂમવું પડયું છે.

વડોદરા પહેલેથી જ સંસ્કારી નગરી તરીકે પ્રખ્યાત છે. સર સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) (૧૮૬૩-૧૯૩૯)નું તેમાં અમૂલ્ય યોગદાન રહ્યું. શિક્ષણ, ગ્રંથાલય તેમજ ખાસ કરીને સ્ત્રી-શિક્ષણના તેઓ હિમાયતી હતા. વડોદરામાં અત્યારે પણ તેમણે સ્થાપેલ વિવિધ સંસ્થાઓ (ચિમનાબાઈ હોસ્પિટલ, Skill Development Centre) વગેરે હયાત છે તેમજ હજી પણ મહિલાઓના ઉત્કર્ષ માટે સતત કામ કરી રહી છે.

પ્રસ્તુત અભ્યાસમાં વડોદરા મહાનગરપાલિકામાં મહિલાઓના યોગદાનની ચર્ચા કરવામાં આવી છે. વર્ષ-૨૦૦૧ થી ૨૦૧૫ના સમયગાળામાં મહિલાઓએ વડોદરા મહાનગરપાલિકામાં કરેલ કાર્યોને વિસ્તૃત રીતે ચર્ચા કરી છે. સંશોધનના મહાશોધનિબંધના એક ભાગરૂપે આ સંશોધનપત્ર વડોદરા મહાનગરપાલિકામાં મહિલાઓના યોગદાનની સુપેરે ચર્ચા કરેલ છે.

**મુખ્ય શબ્દો (Keywords): મહિલાઓ, રાજકારણ, વડોદરા મહાનગરપાલિકા**

**પ્રસ્તાવના:**

વિજ્ઞાન અને ટેકનોલોજીની શોધખોળો, શિક્ષણનો વિકાસ તેમજ વૈચારિક પરિવર્તનને કારણે મહિલાઓ શિક્ષણ, બેન્કર, પાઈલોટ, ડ્રાઈવર, એન્જિનિયર, ડોકટર, મેનેજર, આમ દરેક ક્ષેત્રે પોતાનું યોગદાન આપી રહી છે. હવે કોઈ પણ ક્ષેત્રે પુરુષોનો એકાધિકાર રહ્યો નથી. અને આર્થિક-સામાજિક સ્વતંત્રતા દ્વારા મહિલાશકિતને ઉજાગર કરી રહી છે. તેમની જાગૃતિએ સ્વતંત્રતા આંદોલન, તેમજ અનેક ચળવળોમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે.

નવા યુગની મહિલાઓને સમજાયું કે તેમનો વિકાસ તેમના જ હાથમાં છે, તેથી હવે તે અબળામાંથી સબળા બની છે. દરેક ક્ષેત્રે પોતાના નિર્ણયો જાતે જ લે

છે. પોતાના કુટુંબથી માંડી જાહેરક્ષેત્રે પણ નેતૃત્વ લઈ રહી છે. કાયદા-કાનૂનની સમજણ ધરાવે છે.

આજની નારી તન અને મનથી ઊર્જાનો સ્રોત બની રહી છે. દરેક વિકાસક્ષેત્રમાં તેમની આયોજનશકિત, પરિપકવતા અને કલ્પનાશકિત પ્રગટ થાય છે. પોતાના બુદ્ધિચાતુર્ય અને શિક્ષણ વડે રાજકારણના ક્ષેત્રે પણ તેમણે અકલ્પ્ય પ્રગતિ સાધી છે.

ભારતીય મહિલાઓ સામાજિક સશકિતકરણ અભિગમ અપનાવી રમતગમતથી માંડી, વ્યવસાય સુધીના દરેક ક્ષેત્રે સત્તાના સર્વોચ્ચ સ્થાન સુધી પહોંચી છે.

રાજકારણના ક્ષેત્રે પણ પોતાના સફળ નેતૃત્વ દ્વારા પોતાની સહભાગિતા વધારી છે. ભારતીય બંધારણે પણ ૭૩મા બંધારણીય સુધારા દ્વારા તેમના માટે સ્થાનિક ચૂંટણીઓમાં ૩૩% અનામતની જોગવાઈ કરી તેમને પ્રોત્સાહન આપ્યું છે.

મ્યુનિસિપાલિટી, મ્યુનિસિપલ કોર્પોરેશન કે કોઈપણ સ્થાનિક સ્વરાજની બાબતમાં સમાજ મહિલા સભ્યો પાસે કાર્યક્ષમ વહીવટ, ન્યાયપૂર્ણ વ્યવસ્થા તેમજ પરંપરાગતની ઉપર ભૂમિકાની આશા રાખે છે.

જોકે, રાજકારણનું ક્ષેત્ર મહિલાઓ માટે કપરી કસોટી સમાન છે. ગંદુ રાજકારણ, પાટલીબદલુઓની સમસ્યા, આયારામ-ગયારામની ખેંચાખેંચી, રાજકીય હુંસાતુંસી, મની, મસલ્સ તેમજ મેનપાવર અને પોલીટીકસ, પ્રોપર્ટી તેમજ પઝેશનનું પ્રભુત્વ મહિલાઓ માટે રાજકારણમાં આકરી સમાન કસોટી છે. તેમ છતાં પોતાની નિડરતા તેમજ ખંતને કારણે તેઓ રાજકારણના ક્ષેત્રે પણ કાઠું કાઢી રહી છે.

ગાંધીજીથી માંડી સરદાર પટેલ, રાજા રામમોહનરાય, વગેરેએ મહિલાઓના અધિકારો તેમજ તેમના શિક્ષણ, વિકાસ, સ્ત્રીસશકિતકરણ વગેરે માટે સતત ખેવના રાખી, કારણ કે તેઓ જાણતા હતા કે જ્યાં સુધી મહિલાઓ આર્થિક-સામાજિક ક્ષેત્રે પરાવલંબિત રહેશે ત્યાં સુધી ભારતનો સંપૂર્ણ વિકાસ શકય નથી.

આઝાદી પછી મહિલાઓના ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ અમલમાં આવી. તેમને પ્રોત્સાહન આપવા માટે વિવિધ કાયદા ઘડાયા. છેલ્લે રાજીવ ગાંધી દ્વારા મૂળભૂત રીતે ઘડાયેલો સ્થાનિક સરકારોમાં ૩૩% અનામતનો કાયદો અનેક પરીક્ષાઓ પાસ કરી ૧૯૯૨માં નરસિંહરાવની સરકાર દરમ્યાન પસાર થયો અને ૧૯૯૩ થી અમલીકૃત થયો.

પ્રસ્તુત અભ્યાસમાં વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૫ દરમ્યાન વડોદરા મહાનગરપાલિકામાં ચૂંટાયેલા ૭૯ મહિલા નગરસેવિકાઓએ આપેલા યોગદાનની અત્રે રજૂઆત કરી છે. ૭૯ મહિલા સભ્યોમાંથી યદચ્છ રીતે ૪૧ મહિલા સભ્યોની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત દરમિયાન મળેલા માહિતીમાંથી નીચે મુજબના સંશોધનનાં તારણો તારવવામાં આવ્યા છે.

**તારણો (નિષ્કર્ષો):**

૧. વર્ષ-૨૦૦૧ થી ૨૦૦૫ના સમયગાળામાં ૨૬ મહિલા નગરસેવિકાઓ ચૂંટાયા હતા. વર્ષ-૨૦૦૬ થી ૨૦૧૦ના સમયગાળામાં ૨૮ મહિલા નગરસેવિકાઓ ચૂંટાયા હતા. જ્યારે વર્ષ-૨૦૧૧ થી ૨૦૧૫ના સમયગાળામાં ૨૫ મહિલા નગરસેવિકાઓ ચૂંટાયા હતા. આમ ત્રણ ટર્મમાં કુલ ૭૯ મહિલા નગરસેવિકાઓ ચૂંટાયા હતા.

૨. કુલ ૭૯ મહિલા નગરસેવિકામાંથી ૪૧ મહિલા નગરસેવિકાનો પ્રસ્તુત અભ્યાસમાં યદચ્છ પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા.

વયજૂથ પ્રમાણે જોતાં ઉપરોકત ૪૧ મહિલા નગરસેવિકા માંથી ૨૫-૩૦ના વયજૂથમાં કોઈ નગરસેવિકા ન હતા. ૩૧-૪૫ના વયજૂથમાં ૨ (૪.૮૮%), ૩૬-૪૦ના વયજૂથમાં ૨ (૪.૮૮%) મહિલા નગરસેવિકા, ૪૧-૪૫ના વયજૂથમાં ૪ (૯.૭૬%) મહિલા નગરસેવિકા તેમજ ૪૬ થી વધુ વયજૂથમાં સૌથી વધુ ૩૩ (૮૦.૪૮%) મહિલા નગરસેવિકા હતા. આમ, જોઈ શકાય છે કે યુવાન મહિલાઓનો રાજકારણ પ્રત્યેનો લગાવ ખૂબ જ ઓછો જોવા મળ્યો. તેમજ ઉંમર વધવાની સાથે રાજકારણમાં પ્રવેશનાર મહિલાઓનું સંખ્યાબળ પણ વધ્યું. ૪૬ થી વધુ વયજૂથની મહિલાઓ રાજકારણમાં પોતાનું યોગદાન આપીને સમાજને એક નવું દિશાસૂચન આપે છે.

૩. વડોદરા મહાનગરપાલિકામાં મોટાભાગની નગરસેવિકાઓ હિંદુ ધર્મ પાળતી હતી. શીખ, ઈસાઈ તેમજ મુસ્લિમ ધર્મ પાળતી મહિલા સભ્યોનું પ્રમાણ નહિવત હતું.

૪. જ્ઞાતિ પ્રમાણે નગરસેવિકાઓનું વિશ્લેષણ જોઈએ તો કુલ ૪૧ મહિલા નગરસેવિકા માંથી ૨૮ (૬૮.૨૯%) જનરલ કેટેગરી, ૦૮ (૧૯.૫૧%) ઓ.બી.સી. મહિલા નગરસેવિકાઓ, ૦૩ (૦૭.૩૨%) અનુસૂચિત જાતિ (એસ.સી), તેમજ ૦૨ (૦૪.૮૮%) અનુસૂચિત જનજાતિ (એસ.ટી) મહિલા નગરસેવિકાઓ હતા. આમ એસ.સી./એસ.ટી. સમુદાયની મહિલાઓએ રાજકીય રીતે વધુ યોગદાન આપવાની જરૂરત છે તેમ જણાયું.

૫. વૈવાહિત દરજ્જાની દષ્ટિએ જોઈએ તો, કુલ ૪૧ મહિલા નગરસેવિકા માંથી પરિણીત મહિલા નગરસેવિકાની સંખ્યા ૩૪ (૮૨.૯૨%), અપરિણીત મહિલા નગરસેવિકાની સંખ્યા ૦૨ (૦૪.૮૮%), વિધવા મહિલા નગરસેવિકાની સંખ્યા ૦૫ (૧૨.૨૦%) હતી. આજના પુરુષપ્રધાન સમાજમાં એવી ખોટી માન્યતા પ્રવર્તે છે કે અપરિણીત તેમજ વિધવા મહિલાઓ જાહેરક્ષેત્રથી દૂર રહે છે, પરંતુ આ માન્યતાથી વિરુદ્ધ ૦૪.૮૮% અપરિણીત મહિલા સભ્યો તેમજ ૧૨.૨૦% વિધવા મહિલા નગરસેવિકા હતા. દેખીતી રીતે જ પરિણીત મહિલા નગરસેવિકાનું પ્રમાણ વધુ ૮૨.૯૨% હતું.

૬. વડોદરા મહાનગરપાલિકાના મહિલા નગરસેવિકાની શૈક્ષણિક લાયકાત તપાસતાં અક્ષરજ્ઞાન ધરાવતા ૦૪ (૦૯.૭૬%), એસ.એસ.સી. પાસ ૦૮ (૧૯.૫૧%), એચ.એસ.સી. પાસ ૦૪ (૦૯.૭૬%), સ્નાતક ૧૩ (૩૧.૭૦%), અનુસ્નાતક ૦૭ (૧૭.૦૭%), તેમજ અન્ય ૦૫ (૧૨.૨૦%) મહિલા નગરસેવિકાઓ હતા. આ રીતે સ્નાતક મહિલા નગરસેવિકાનું પ્રમાણ સૌથી વધુ (૩૧.૭૦%) હતું.

૭. વડોદરા મહાનગરપાલિકાના મહિલા નગરસેવિકાઓ કયા પક્ષમાંથી આવે છે તેની પૃરછા કરતાં, સૌથી વધુ ભારતીય જનતા પક્ષમાંથી ૩૨ (૭૮.૦૫%) તેમજ બીજા ક્રમે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ૦૯ (૨૧.૯૫%) મહિલા નગરસેવિકાઓ હતા. આમ, ભારતીય જનતા પાર્ટીના મહિલા નગરસેવિકાની સંખ્યા વધુ હતી.

૮. વડોદરા મહાનગરપાલિકાના મહિલા નગરસેવિકાના વ્યવસાય અંગે તપાસ કરતાં ગૃહિણી અને રાજકીય કામગીરી ૧૮ (૪૩.૯૦%), કૃષિ વ્યવસાય ૦૧ (૦૨.૪૪%), નોકરી ૦૩ (૦૭.૩૨%), તેમજ અન્ય વ્યવસાય (સ્વતંત્ર ધંધો, વ્યાવસાયિક: ડોકટર, એન્જિનિયર વગેરે) ૧૯ (૪૬.૩૪%) મહિલા નગરસેવિકાઓ હતા. આમ, સ્વતંત્ર વ્યવસાય કરનાર મહિલા નગરસેવિકાની સભ્યોની સંખ્યા સૌથી વધુ (૪૬.૩૪%) હતી.

૯. મતવિસ્તારની દષ્ટિએ જોઈએ તો બે ટર્મ માટે પોતાના મતવિસ્તારમાંથી ચૂંટાઈને આવેલા સભ્યોની સંખ્યા ૦૯ હતી. કેટલાક મતવિસ્તારોનું પુન:સર્જન (ફેરફાર) કરવામાં આવ્યું હતું. જેથી તેમનો મતવિસ્તાર બદલાયો હતો. સમગ્ર રીતે જોતાં ૬૧ મહિલા નગરસેવિકા સભ્યો એક ટર્મ માટે પોતાના મતવિસ્તારમાંથી ચૂંટાયા હતા.

૧૦. વડોદરા મહાનગરપાલિકાના સમગ્ર વહીવટની રીતે જોઈએ તો તેમાં દશ સમિતિઓ કાર્યરત છે, જે નીચે પ્રમાણે છે.

૧. પબ્લિક વર્કસ સમિતિ
૨. વોટર વર્કસ સમિતિ
૩. ડ્રેનેજ તેમજ સુએઝ સમિતિ
૪. આરોગ્ય સમિતિ
૫. ટાઉન પ્લાનિંગ સમિતિ
૬. એસ્ટેટ મેનેજમેન્ટ સમિતિ
૭. રીક્રીએશનલ અને કલ્ચરલ સમિતિ
૮. ગેસ સમિતિ
૯. વિધુત સમિતિ
૧૦. ધારા (લીગલ) સમિતિ

૧૧. વડોદરા મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના કાર્યો જોઈએ તો પબ્લિક વર્કસ સમિતિ રસ્તાઓ, પુલો, પેટા માર્ગો, પ્રાથમિક શાળાઓ,

મ્યુ.કોર્પોરેશનની ઓફિસો માટે મકાનો, મ્યુ.કોર્પોરેશનના નોકર વર્ગ માટે મકાનો, સ્નાનાગારો, તેમજ અન્ય સાર્વજનિક ઈમારતો બાધવાનું કાર્ય કરે છે.

વોટર વર્કસ સમિતિ દરેક વિસ્તારમાં પાણી પહોંચાડવાનું, નવી પાઈપ લાઈન નાખવાનું, તેમાં મરામત અને જાળવણી, વારીગૃહો બાંધવા, સાર્વજનિક પીવાના પાણી માટેની વ્યવસ્થા, કૂવા, ફુવારા, તળાવો, જળાશયો, પંપો, નલિકાઓની દેખરેખ વગેરે કાર્યો કરે છે.

ડ્રેનેજ અને સુએઝ સમિતિ મોરીઓ બાંધવી, નિભાવવી, મરામત, સુએઝના નિકાલ માટે વ્યવસ્થા કરવી, નીકો, ગટરો બનાવવી વગેરે કાર્યો કરે છે. આરોગ્ય સમિતિ સરકારી દવાખાનાની દેખરેખ, કચરાની સાફસફાઈ, સાર્વજનિક સંડાસો, મુતરડીઓની સગવડો કરવી, વૈધકીય રાહત, ચેપી રોગોનું નિયંત્રણ તેમજ અટકાવ, પ્રસૂતિગૃહો, શિશુ કલ્યાણ ગૃહો, સગર્ભા, ધાત્રી વગેરે મહિલાઓ માટે નિયમિત ચેકઅપ તેમજ દવાની વ્યવસ્થા, પાણી, ખોરાક તેમજ ઔષધિઓની તપાસ, જાહેર આરોગ્ય સાથે સંબંધિત પ્રયોગશાળાઓ, દૂધ તેમજ દૂધની બનાવટો, એમ્બ્યુલન્સ સેવા વગેરે કાર્યો કરે છે.

ટાઉન પ્લાનિંગ સમિતિ ડ્રાફ્ટ સ્કીમ તૈયાર કરવી, વાંધાઓ વિચારમાં લેવા, ડ્રાફ્ટ સ્કીમને સરકારમાં મંજૂરી માટે મોકલવી, ટાઉન પ્લાનિંગ સ્કીમમાં ફેરફાર, જાહેર મકાનો માટે સ્થળની પસંદગી વગેરે કાર્યો કરે છે.

એસ્ટેટ સમિતિ સાર્વજનિક રસ્તાનું નામકરણ, મ્યુનિ.ક્વાર્ટસ, સ્ટોલો, દુકાનો, માર્કેટ, હાથલારી સ્ટેન્ડ, ગલ્લા એન્ડ પથારા સ્ટેન્ડ, સ્લમ ક્વાર્ટસની ફાળવણી અને જાળવણી તેના પત્રકો-હિસાબો નિભાવવા તેમજ મ્યુનિ.કમિશનરને રજૂ કરવા વગેરે કાર્યો કરે છે.

રીકીએશનલ અને કલ્ચરલ સમિતિ ખુલ્લી જગ્યાઓ, બીજી મિલકતો, બાગ-બગીચા, ઝાડો રોપવા, રમતગમતના મેદાનો, વ્યાયામશાળા, ઉદ્યાનો, સંગ્રહસ્થાનો, પુરાતનસ્મારકોની જાળવણી, ઐતિહાસિક સ્મારકો નિભાવવા વગેરે કાર્યો કરે છે.

ગેસ સમિતિ ગેસને લગતાં કાર્યો જેમ કે ઓ.એન.જી.સી.માંથી ગેસનો નિયમિત પુરવઠો મળે તેવી વ્યવસ્થા કરવી, ફીડર લાઈનો, હોલ્ડર સ્ટેશનો, નવા ગેસ જોડાણો આપવા તથા તેનું કાર્યક્રમ સંચાલન કરવું વગેરે કાર્યો કરે છે.

વિધુત સમિતિ જી.ઈ.બી. પાસેથી નિયમિત વિધુત પુરવઠો મેળવવો, ગ્રાહકોને વીજ જોડાણો આપવાં, વિધુત યંત્રોની મરામત તેમજ જાળવણી, ફીડરોની દેખરેખ, જાહેર રોશની, સાર્વજનિક ઈમારતો તેમજ રસ્તાઓમાં લાઈટીંગની વ્યવસ્થા, શેરીઓમાં દીવાબત્તી, સ્ટ્રીટ લાઈટ વગેરે કાર્યો કરે છે.

ધારા સમિતિ, કોર્પોરેશનને લગતી ધારાકીય બાબતો, માહિતી, દસ્તાવેજો, દાવાઓનો બચાવ, તે માટે એડવોકેટની પેનલની રચના વગેરે કાર્યો કરે છે.

**વિવિધ સમિતિઓમાં મહિલાઓની સંખ્યા:**

૨૦૦૧ થી ૨૦૧૫ દરમ્યાન ઉપરોકત સમિતિઓમાં મહિલા નગરસેવિકાની ભગીદારી નીચે મુજબ રહી હતી.

પબ્લિક વર્કસ સમિતિ: અધ્યક્ષા-૦૨, ઉપાધ્યક્ષા-૦૪, સભ્યો-૧૫, કુલ-૨૧; વોટર વર્કસ સમિતિ: અધ્યક્ષા-૦૧, ઉપાધ્યક્ષા-૦૬, સભ્યો-૨૪, કુલ-૩૧; ડ્રેનેજ તેમજ સુએઝ સમિતિ: અધ્યક્ષા-૦૩, ઉપાધ્યક્ષા-૦૨, સભ્યો-૧૬, કુલ-૨૧; આરોગ્ય સમિતિ: અધ્યક્ષા-૦૨, ઉપાધ્યક્ષા-૦૩, સભ્યો-૨૩, કુલ-૨૮; ટાઉન પ્લાનિંગ સમિતિ: અધ્યક્ષા-૦૧, ઉપાધ્યક્ષા-૦૧, સભ્યો-૧૬, કુલ-૧૮; એસ્ટેટ મેનેજમેન્ટ સમિતિ: અધ્યક્ષા-૦૬, ઉપાધ્યક્ષા-૦૪, સભ્યો-૧૭, કુલ-૨૭; રીકીએશનલ અને કલ્ચરલ સમિતિ: અધ્યક્ષા-૦૩, ઉપાધ્યક્ષા-૦૫, સભ્યો-૨૪, કુલ-૩૨; ગેસ સમિતિ: અધ્યક્ષા-૦૧, ઉપાધ્યક્ષા-૦૩, સભ્યો-૧૭, કુલ-૨૧; વિધુત સમિતિ: અધ્યક્ષા-૦૩, ઉપાધ્યક્ષા-૦૮, સભ્યો-૧૨, કુલ-૨૩; ધારા (લીગલ) સમિતિ: અધ્યક્ષા-૦૩, ઉપાધ્યક્ષા-૦૩, સભ્યો-૦૯, કુલ-૧૫; આ પ્રમાણે વિવિધ સમિતિઓમાં મહિલા નગરસેવિકાની સંખ્યા હતી.

**ઉપસંહાર:**

આ રીતે વડોદરા મહાનગરપાલિકામાં મેયર તરીકે બે, તેમજ ડેપ્યુટી મેયર તરીકે સાત સભ્યોએ કામ કર્યું છે. નગરસેવિકાઓએ આત્મવિશ્વાસ, નીડરતા તેમજ ખંતથી વડોદરા શહેરના વિકાસને લગતાં કાર્યો કરેલ છે. શિક્ષણ, લોકજાગૃતિ તેમજ સરકાર-સમાજ દ્વારા પ્રોત્સાહનને કારણે મહિલા સભ્યો ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત, નગરપાલિકા તેમજ વિવિધ મહાનગરપાલિકામાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે તેમજ વિકાસના કામો કરી નામ કમાયા છે. ૩૩% મહિલા અનામતના બંધારણીય સુધારા પછી, મહિલાઓ રાજકીય ક્ષેત્રે સતત વિકાસના પંથે છે, તેમાં કોઈ બેમત નથી.

**સંદર્ભગ્રંથો:**

1. Bidyut Mohanty, Joy Roy and Smita Gupta, Women and Political Empowerment, Institute of Social Sciences, New Delhi, 1997, p.53
2. Bidyut Mohanty, Women and Panchayats in India: Creating a New Space for Leadership in Asia, 2005. (A research paper presented in the International seminar held at Rio de Janeiro, Brazil)
3. Crispin Bates and Subho Basu, Re-thinking Indian Political Institutions, Anthem Press, U.K., 2005
4. Das, Ranjan Kumar and Sharma, Gopal, 'Women in Grassroots Democracy in India: Non-Goverenmental Organizations and its Possibilities'. *Indian Journal of Political Science*, LXIX (4), Oct-Dec, 2008, pp. 512-525.

5. Dr. Seema Singh, Panchayati Raj and Women Empowerment-Ocean Books Pvt. Ltd, New Delhi, 2003, p.230
6. Dr. Subhas R. Morale and Dr. Dilip S. Pawar, Women and Politics, Gaurav Books, Kanpur, 2013.
7. G.S. Mehta, Participation of Women in the Panchayati Raj System, Kanishka Publishers, New Delhi, 2002, p.150
8. Kasturi L. Greater Political Representation for Women: the Case of India, 1998
9. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર, સરકારી મધ્યસ્થ મુદણાલય, ગાંધીનગર, પૃ.૧૦૬-૧૦૯
10. સાંચેટી ડી.સી. અને કપૂર વી.કે.: સ્ટેટીસ્ટ્રીકસ (થિયરી, મેથડ્સ એન્ડ એપ્લીકેશન), એસ. ચંદ એન્ડ સન્સ, ન્યૂ દિલ્હી, ૧૯૯૫, પૃ. ૧૭-૧૮.